| OBH-3 | This Question Booklet Contains 4 Printed Pages | પ્રશ્નપુસ્તિકા ક્રમાંક | |
|---|---|---|---|

Subject: **General Studies (Paper-III)**

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

સમય : 3 કલાક
કુલ ગુણ : 100

Time : 3 Hrs.
Total Marks : 100

**N.B.:** (1) પ્રશ્નપત્રમાં કુલ 7 પ્રશ્નો છે.
(2) પ્રશ્ન 1, 16 ગુણનો છે. બાકીના દરેક પ્રશ્ન 14 ગુણના છે.
(3) દરેક પ્રશ્નનાં પેટા પ્રશ્નોના ઉત્તર એક સાથે જ લખવાનાં રહેશે.
(4) ઉત્તરનું માધ્યમ ગુજરાતી જ રહેશે.

---

01. અ) **દરેક પેટા પ્રશ્નનાં 3 ગુણ છે. અને દરેક ઉત્તર આશરે 50 શબ્દમાં આપવાનો રહેશે.**

(1) સ્વાતંત્ર્ય સંગ્રામમાં ''ખેડા સત્યાગ્રહ'' નું મહત્વ જણાવો.
(2) ગુજરાતનાં ઈતિહાસમાં સુવર્ણકાળ ગણાતા ''સોલંકીકાળ'' વિષે જણાવો.
(3) ગુજરાતી સાહિત્યમાં કવિ સુરસિંહજી તખ્તસિંહજી ગોહીલ નું યોગદાન જણાવો.

બ) **દરેક પેટા પ્રશ્નનાં 2 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાના રહેશે.**

(1) મોગલ શહેનશાહોનાં વખતમાં ભારતમાં બાંધવામાં આવેલ સ્થાપત્યો વિષે જણાવો.
(2) ગુજરાતી સાહિત્યમાં કનૈયાલાલ મુનશીનું મહત્વનું પ્રદાન જણાવો.

ક) **દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) ગુજરાતી સાહિત્યનાં વિકાસમાં લોકસાહિત્યએ ઘણો જ મહત્વનો ભાગ ભજવેલ છે.
(2) સયાજીરાવ ગાયકવાડ નું શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં યોગદાન જણાવો.
(3) રાજમાતા મીનળદેવીનું ગુજરાતના જળસંચય ક્ષેત્રે યોગદાન જણાવો.

02. અ) **દરેક પેટા પ્રશ્નનાં 3 ગુણ છે. અને દરેક ઉત્તર આશરે 50 શબ્દમાં આપવાના રહેશે.**

(1) માનનીય સંસદ સભ્યોશ્રીઓનાં સંસદીય વિશેષાધિકારો ક્યા છે?
(2) ''વાયબ્રન્ટ ગુજરાત'' ને કારણે, ગુજરાતમાં એક નવો ઔદ્યોગિક યુગ શરૂ થયેલ છે. ચર્ચા કરો.

બ) **દરેક પેટા પ્રશ્નનાં 2 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાના રહેશે.**

(1) સેબી "SEBI" નાં કાર્યક્ષેત્ર વિષે જણાવો.
(2) બિન આયોજન ખર્ચ (Non-plan expenditure) વિષે જણાવો.

ક) **દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) ''હેબિયસ કોર્પસ'' "Habeas Corpus" શું છે?
(2) ભારતની ''શ્વેત ક્રાન્તિ'' (White revolution) પર ટુંકનોંધ લખો.
(3) ''પ્રધાનમંત્રી જનધન યોજના'' વિષે માહિતી આપો.
(4) ''ફુડ સિક્યોરીટી એક્ટ'' વિષે માહિતી આપો.

RIJADEJA.com

03. અ) **દરેક પેટા પ્રશ્નનાં 2 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાના રહેશે.**

(1) ગુજરાતના બાળકોમાં શિક્ષણ વધે તે માટે રાજ્ય સરકાર એ લીધેલાં પગલાં વિષે જણાવો.

(2) ભારતની ''પ્રથમ પંચવર્ષિય યોજના'' (Five years' plan) એ ભારતના ભાવિનો પાયો છે'' આ વિધાન વિષે જણાવો.

(3) ભારતના લોકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે જાહેર આરોગ્ય અને સુખાકારી માટેનાં અગત્યનાં કાર્યક્રમો/યોજનાઓ અંગે જણાવો.

(4) ભારતના આર્થિક વિકાસમાં રાષ્ટ્રીયકૃત વાણિજ્ય બેન્કોનું યોગદાન જણાવો.

(5) ''ભારતના વિકાસમાં રેલ્વેતંત્રનો ફાળો'' વિષે નોંધ લખો.

બ) **દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) ''મેક ઈન ઈન્ડીયા'' કાર્યક્રમનો આશય સમજાવો.

(2) સને 2015 નાં વર્ષમાં આપવામાં આવેલ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર લેખક વિષે જણાવો.

(3) DMIC નું પૂરું નામ જણાવીને તેમાં આવરી લેવાનાર ગુજરાતનાં ક્ષેત્ર વિષે જણાવો.

(4) ગુજરાત રાજ્યમાં આવેલ કંડલા અને હજીરા બંદર વિષે જણાવો.

04. અ) **દરેક પેટા પ્રશ્નનાં 2 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાના રહેશે.**

(1) સ્ટેમ સેલ "Stem Cell" નું ચિકિત્સા વિજ્ઞાનમાં મહત્વ શું છે?

(2) "NAVIC" વિશે ટુંક નોંધ લખો.

(3) નેશનલ બાયોટેકનોલોજી ડેવલપમેન્ટ સ્ટ્રેટેજી 2015-16 ના ઉદ્દેશો ક્યાં છે?

(4) ઉત્તરાખંડનું "દેવસ્થળી" તાજેતરમાં શા માટે ચર્ચામાં આવેલ હતું?

(5) "IAP Health Phone" વિષે જણાવો.

બ) **દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) યૂ યૂ તૂ (YouYou Tu) ને કઈ શોધ માટે ઈ.સ. 2015 માં નોબેલ પ્રાઈઝ આપવામાં આવેલ હતું?

(2) 'UNO' દ્વારા 2016 ને ક્યા વર્ષ તરીકે જાહેર કરેલ છે ? આ વર્ષની ઉજવણી અને લક્ષ્યાંકો સિધ્ધ કરવાની જવાબદારી કોને આપેલ છે?

(3) વર્લ્ડ કેન્સર ડે 2016-2018 ઝુંબેશની થીમ (Theme) શું રાખવામાં આવેલ છે?

(4) "Imprint India" શું છે?

RIJADEJA.com

05. અ) દરેક પેટા પ્રશ્નનાં 2 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાના રહેશે.

(1) બે બેટસ્‌મેન (Batsman) A અને B પાંચ ક્રિકેટ મેચમાં નીચે મુજબ રન કરે છે.

| મેચ/ખેલાડી | 1 | 2 | 3 | 4 | 5 |
|---|---|---|---|---|---|
| A | 80 | 10 | 15 | 85 | 10 |
| B | 35 | 50 | 35 | 45 | 35 |

ઉપરોક્ત બંને ખેલાડીઓ પૈકી ક્યા ખેલાડીએ સરસ અને સાતત્ય પૂર્ણ રમત રમેલ છે?

(2) એક નદીની સરેરાશ ઉંડાઈ (1.5) મીટર છે જ્યારે 5 પ્રવાસીઓની સરેરાશ ઉંચાઈ (2.0) મીટર છે આ સંજોગોમાં બધાજ પ્રવાસીઓ ખુબજ સરળતાથી અને સુરક્ષિત રીતે નદી ચાલીને ઓળંગી શકશે? આ વિધાનની ચર્ચા કરો.


(3) 3 માણસો 12 દિવસમાં 132 સાડીઓ બનાવે છે તો 8 માણસો 6 દિવસમાં કેટલી સાડીઓ બનાવશે?

બ) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.

(1) એક વર્તુળની ત્રિજ્યામાં 10% વધારો થાય તો તેના ક્ષેત્રફળમાં કેટલા ટકા વધારો થશે?

(2) એક માણસ પાસે કેટલીક મરઘીઓ અને કેટલીક ગાયો છે. જો કુલ પ્રાણીઓના માથાની સંખ્યા 65 થતી હોય અને પગની સંખ્યા 210 થતી હોય તો મરઘી અને ગાયની સંખ્યા શોધો.

(3)




ત્રિકોણ AB = 3 સે.મી., BC = 4 cm હોય તો AC નું માપ કેટલું હશે?

(4) એક વાહન પ્રથમ 300 કી.મી., 30 કી.મી./કલાકની ઝડપે ચાલે છે. પછીથી 400 કી.મી. અંતર, 40 કી.મી./કલાકની ઝડપે ચાલે છે. તો વાહનની સરેરાશ ઝડપ કેટલી હશે?

(5) સોમથી શનિવારનો સરેરાશ વરસાદ 15 સે.મી. છે. પરંતુ રવિવારે ખુબ જ વરસાદ થવાથી અઠવાડિયાના સરેરાશ 18 સે.મી. થાય છે. તો રવિવારે કેટલો વરસાદ પડેલ હશે?

(6) એક કર્મચારીનાં પગારમાં પ્રથમ 20% વધારો થાય છે પરંતુ પછીથી 10% ઘટાડવામાં આવે છે તો તેને ખરેખર કેટલો વધારો થયો?

RIJADEJA.com

(7) જો $x = -2$ હોય તો $x^3 - x^2 - x + 30$ બરાબર કેટલાં થાય?

(8) "MATHEMATICS" શબ્દમાં સ્વર અને વ્યંજનની સંખ્યાનો ગુણોત્તર કેટલો છે?

**06. અ) દરેક પેટા પ્રશ્નનાં 3 ગુણ છે. અને દરેક ઉત્તર આશરે 50 શબ્દમાં આપવાના રહેશે.**

(1) રાજ્યપાલશ્રીની સત્તાઓ જણાવો.

(2) ''આમુખ'' એ બંધારણનો આત્મા છે'' વિધાનની ચર્ચા કરો.

(3) ભારતના બંધારણ મુજબની પાંચ મુળભૂત ફરજો જણાવો.

**બ) દરેક પેટા પ્રશ્નનાં 2 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 35 શબ્દોમાં આપવાના રહેશે.**

(1) ભારતીય બંધારણ મુજબ રાષ્ટ્રપતિ શાસન ક્યારે લાગુ પાડી શકાય છે?

(2) ''વોટ ઑન એકાઉન્ટ'' ની ક્યા સંજોગોમાં જરૂર પડે છે?

**ક) દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) ''કટ મોશન'' વિધાનસભામાં મંજુર થાય ત્યારે શું કાર્યવાહી હાથ ધરવામાં આવે છે?

**07. દરેક પેટા પ્રશ્નનો 1 ગુણ છે અને દરેક ઉત્તર આશરે 10–20 શબ્દોમાં આપવાનો રહેશે.**

(1) સિસ્ટર નિવેદિતા કોણ હતા?

(2) છેલ્લે ''ભારત રત્ન'' પુરસ્કાર કોને આપવામાં આવેલ છે?

(3) દેશમાં ''અખિલ ભારતીય સેવાઓ'' કેટલી છે? કઈ કઈ?

(4) ''પૉઈન્ટ ઑફ ઓર્ડર'' શું છે?

(5) સાતમા પગાર પંચનાં અધ્યક્ષ કોણ છે?

(6) 26 જાન્યુઆરી 2016 નાં દિલ્હી ખાતેનાં સમારંભમાં ક્યા રાષ્ટ્રના વડા મુખ્ય મહેમાન હતા?

(7) "NITI" આયોગનું પૂરું નામ શું છે?

(8) હાલમાં અમેરિકા દ્વારા ક્યાં દેશ સાથે લગભગ 50 વર્ષ બાદ પુનઃ રાજકીય સંબંધો સ્થાપિત કરેલ છે?

(9) "UNO" ની સલામતી સમિતિના કાયમી સભાસદો કોણ છે?

(10) 14 માં નાણાં પંચનાં અધ્યક્ષ કોણ છે?

(11) એટર્ની જનરલની નિમણુંક કોણ કરે છે?

(12) ઉપરાષ્ટ્રપતિની ચુંટણીમાં મતદાન કોણ કરી શકે છે?

(13) JNNURM યોજનાનું આખું નામ શું છે?

(14) આદર્શ સ્થિતિમાં વ્યક્તિ દીઠ દરરોજ માટે પાણીની કેટલી જરૂરિયાત અંદાજવામાં આવે છે?